દિવ્યભાસ્કર, પ્રજાની અવાજ.
તારીખ. ૨૪/૧૧/૨૦૨૫.

# જીવરાજ મેટ્રો સ્ટે. નીચેથી દબાણો દૂર થતાં પાર્કિંગની જગ્યા ખુલ્લી થઈ



જીવરાજ પાર્ક મેટ્રો સ્ટેશનની નીચે વેપારીઓ દ્વારા પાર્કિંગમાં ઊભા વાહનને ખરોડી ખાણીપીણીની લારીઓ લગાવવામાં આવતી હતી અને લારીઓના કારણે રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતિ હતી. આ બાબતનો અહેવાલ 17 નવેમ્બરના રોજ છાપવામાં આવ્યો હતો. જેમાં દ.-પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગે કાર્યવાહી કરતા મેટ્રો સ્ટેશન નીચેથી દબાણો દૂર કર્યા હતા. જેથી વાહનચાલકોને રાહત અને મેટ્રોના મુસાફરોને વાહન મૂકવા માટે જગ્યા મળી છે. આ સિવાય નવરંગપુરા પો. સ્ટેશન સામે પડેલી ભંગાર કારને પણ દૂર કરાઈ છે.